# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-04-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

*****************************************************

1) **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે મુંબઈમાં ભારતીય રિઝર્વ બેંકના 90-મા વર્ષગાંઠ સમારોહના સમાપન સત્રમાં ઉપસ્થિત રહેશે.**

2) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ચિલીના રાષ્ટ્રપ્રમુખ ગેબ્રિયલ બોરિક ફોન્ટ સાથે દ્વિપક્ષીય સંબંધો અંગે ચર્ચા કરશે.**

3) **કેન્દ્ર સરકારની યુનિફાઇડ પેન્શન સ્કીમ-યુપીએસ આજથી લાગુ કરાશે.**

4) **મધ્યપ્રદેશના 19 ધાર્મિક શહેર અને વિસ્તારોમાં આજથી દારૂબંદી અમલમાં આવશે.**

5) **IPLમાં, મુંબઈ ઇન્ડિયન્સે કોલકાતા નાઈટ રાઈડર્સને આઠ વિકેટથી હરાવ્યું.**

.......................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MORN.-PREZ-RBI-CEREMONY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે મુંબઈમાં ભારતીય રિઝર્વ બેંક- RBIના 90મા વર્ષગાંઠ સમારોહના સમાપન સત્રમાં ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રપતિ મુર્મુ બે દિવસની મુલાકાતે ગઈકાલે સાંજે મુંબઈ પહોંચ્યાં હતાં. હવાઈ મથક પર રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણન અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે દ્વારા તેમનું સ્વાગત કરાયું હતું.

# CHILE-PREZ-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ચિલીના રાષ્ટ્રપ્રમુખ ગેબ્રિયલ બોરિક ફોન્ટ સાથે બંને દેશ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો અંગે ચર્ચા કરશે.

ચિલીના રાષ્ટ્રપ્રમુખ આજથી પાંચ દિવસની ભારત મુલાકાતે છે. તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પણ મળશે. શ્રી બોરિકના માનમાં ભોજન સમારંભનું પણ આયોજન કરાયું છે. રાષ્ટ્રપ્રમુખ બોરિકની સાથે મંત્રીઓ, સંસદસભ્યો અને વેપાર સંગઠનોનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ હશે. રાષ્ટ્રપ્રમુખ બોરિક આગ્રા, મુંબઈ અને બેંગ્લોરની પણ મુલાકાત લેશે. મુંબઈ અને બેંગ્લોરમાં, તેઓ વેપાર અને ઉદ્યોગના પ્રતિનિધિઓ, સ્ટાર્ટઅપ્સ, ઇનોવેટર્સ અને ટેકનોલોજી સાથે સંકળાયેલા લોકો સાથે મુલાકાત કરશે.

રાષ્ટ્રપ્રમુખ બોરિક 5 એપ્રિલે ચિલી પરત ફરશે. રાષ્ટ્રપ્રમુખ તરીકે આ તેમની પહેલી ભારત મુલાકાત છે. ચિલીના રાષ્ટ્રપ્રમુખની મુલાકાત બંને દેશોને દ્વિપક્ષીય

સંબંધોની વ્યાપક સમીક્ષા કરવાની તેમજ પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા કરવાની તક પૂરી પાડશે. લેટિન અમેરિકન ક્ષેત્રમાં ચિલી ભારત માટે એક મહત્વપૂર્ણ ભાગીદાર દેશ છે.

# PENSION-SCHEME---UPS

કેન્દ્ર સરકારની યુનિફાઇડ પેન્શન સ્કીમ-યુપીએસ આજથી લાગુ કરાશે. કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય પેન્શન પ્રણાલીના વિકલ્પ તરીકે UPS રજૂ કર્યું છે.

પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીએ તાજેતરમાં યુપીએસના કાર્ય માટેના નિયમોને સૂચિત કર્યા હતા. આ યોજનાનો લાભ 23 લાખ જેટલા કેન્દ્રીય કર્મચારીઓને મળશે.

આ અંગે વધુ માહિતી સાંભળીએ અમારા પ્રતિનિધિ પાસેથી...

(BYTE: DIPENDRA)

# GADKARI- E VEHICLES

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે, દેશમાં વાયુ પ્રદૂષણની સમસ્યા ઘટાડવા ઇલેક્ટ્રિક વાહનો શ્રેષ્ઠ વિકલ્પ છે. શ્રી ગડકરીએ ગઇકાલે મહારાષ્ટ્રના થાણેમાં લેબ ઇન્ડિયા દ્વારા ઇ-સાયકલનું ઉદ્ઘાટન કર્યું. શ્રી ગડકરીએ કહ્યું કે, દેશમાં વાયુ પ્રદૂષણ એક મોટી સમસ્યા છે, પરંતુ કેન્દ્ર સરકારે આ સમસ્યાના ઉકેલની જવાબદારી લીધી છે.

શ્રી ગડકરીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ભારત વર્ષ 2030 સુધીમાં ઇલેક્ટ્રિક વાહનોના ઉત્પાદનમાં ટોચ પર પહોંચી જશે. તેમણે કહ્યું, આગામી સમયમાં પેટ્રોલ, ડીઝલ અને ઇલેક્ટ્રિક કારના ભાવ સમાન રહેશે.

# MP-LIQUOR-BAN

મધ્યપ્રદેશમાં, ઉજ્જૈન, ઓમકારેશ્વર, મહેશ્વર અને મૈહર સહિત 19 ધાર્મિક નગરો અને વિસ્તારોમાં આજથી દારૂબંદી અમલમાં આવશે. સરકારી અધિકારીએ પુષ્ટિ કરી કે, આ વિસ્તરોમાં તમામ દારૂની દુકાનો અને બાર બંધ રહેશે. સલ્કનપુર, કુંડલપુર અને  બંદકપુર સહિતના ગ્રામ પંચાયત વિસ્તારોમાં પણ દારૂ પર પ્રતિબંધ લાદવામાં આવશે. આ નિર્ણય, વિસ્તારના ધાર્મિક મહત્વને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. આ અંગે મુખ્યમંત્રી ડો. મોહન યાદવે પ્રતિક્રિયા આપી..

## (BYTE: મોહન યાદવ)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . .

# INDIA--MYANMAR-RELIEF

ઓપરેશન બ્રહ્મા હેઠળ, INS સતપુરા અને INS સાવિત્રી દ્વારા વહન કરાયેલી 50 ટન માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત સામગ્રી ગઈકાલે યાંગોનમાં મ્યાનમારના અધિકારીઓને સોંપાઈ. મ્યાનમારમાં ભારતના રાજદૂત અભય ઠાકુર દ્વારા રાહત સામગ્રી સોંપવામાં આવી.

યાંગોનમાં ભારતીય રાજદૂતભવને એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે, ભારતીય વાયુસેના છ વિમાન અને પાંચ નૌકાદળના જહાજની મદદથી યાંગોન, નાયપિતાવ અને મંડલે ખાતે રાહત સામગ્રી પહોંચાડવામાં આવી છે.

# IPL-CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ -IPL T20 ક્રિકેટમાં, મુંબઈ ઇન્ડિયન્સે ગઈકાલે રાત્રે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સને આઠ વિકેટથી હરાવ્યું.

મુંબઈની ટીમે 12 ઓવર પાંચ બોલમાં 117 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં બે વિકેટ ગુમાવીને 121 રન બનાવી મેચ જીતી લીધી હતી. મુંબઈના રાયન રિકેલ્ટને 41 બોલમાં અણનમ 62 રન, જ્યારે સૂર્યકુમાર યાદવે 9 બોલમાં 27 રનનું યોગદાન આપ્યું હતું. આ પહેલા, બેટિંગ કરવા ઉતરેલી, કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમ 16 ઓવર બે બોલમાં માત્ર 116 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. મુંબઈ ઇંડિયંસના ચાર વિકેટ લેનારા અશ્વિની કુમારને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયા હતા. આજે સાંજે લખનઉ ખાતે લખનઉ સુપર ઝાયન્ટ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મેચ રમાશે.

# HOCKEY-ASIA-CUP---RAJGIR

બિહારના રાજગીરમાં હીરો એશિયા કપ હોકી સ્પર્ધા 2025 યોજાશે. હોકી ઇન્ડિયા અને બિહાર રાજ્ય રમતગમત સત્તામંડળે પટનામાં આ સંદર્ભે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

આ સ્પર્ધા 29 ઓગસ્ટથી સાત સપ્ટેમ્બર દરમિયાન રાજગીર હોકી સ્ટેડિયમ ખાતે યોજાશે. હીરો એશિયા કપની 12મી આવૃત્તિમાં ભારત, પાકિસ્તાન, જાપાન, કોરિયા, ચીન અને મલેશિયા સહિત આઠ ટીમ ભાગ લેશે. બાકીની બે ટીમ ક્વોલિફાઇંગ ટુર્નામેન્ટ, AHF કપ દ્વારા પોતાનું સ્થાન સુરક્ષિત કરશે.

# EAM--NETHERLANDS-FM

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઇકાલે નવી દિલ્હીમાં નેધરલેન્ડના વિદેશ મંત્રી કૈસપર વેલ્ડકેમ્પ સાથે મુલાકાત કરી હતી.

સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે જણાવ્યું કે, આ  બેઠક દરમિયાન તેમણે વેપાર, રોકાણ, નવીનતા, કૃષિ, આરોગ્ય, સુરક્ષા અને લોકો વચ્ચેના સંબંધો સહિત વધતા દ્વિપક્ષીય સહયોગ પર ચર્ચા કરી. આ ઉપરાંત વૈશ્વિક વ્યૂહાત્મક વિકાસના મહત્વ વિશે પણ ચર્ચા કરાઇ. શ્રી વેલ્ડકેમ્પ ગઇકાલે સાંજે ભારતની બે દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા. સોશિયલ મીડિયા સંદેશમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, આ મુલાકાત ભારત અને નેધરલેન્ડ વચ્ચેના બહુપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવશે.

# IMD---HEATWAVE

હવામાન વિભાગે આ વર્ષે એપ્રિલથી જૂન મહિના દરમિયાન દેશના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની આગાહી કરી છે. જ્યારે દક્ષિણ મહારાષ્ટ્ર, કેરળ, કર્ણાટક અને ઓડિશાના કેટલાક ભાગ, પશ્ચિમ બંગાળ અને જમ્મુ અને કાશ્મીરમાં મહત્તમ તાપમાન સામાન્યથી ઓછું રહેવાની પણ શક્યતા છે.

હવામાન વિભાગના મહાનિદેશક મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું કે, આ સમયગાળા દરમિયાન દેશના ઉત્તર અને પૂર્વના મોટાભાગના વિસ્તારો, મધ્ય ભારત અને ઉત્તર-પશ્ચિમ ભારતના મેદાની પ્રદેશોમાં બે થી ચાર દિવસ સુધી ગરમીનું મોજું ફરી વળવાની શક્યતા છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નીકીતા શાહ

- આજથી શરૂ તથા નવા નાણાકીય વર્ષમાં અમલી બનતા નવા નિયમોના સમાચારોને તમામ અખબારોએ મુખ્ય પાનાંમાં સમાવ્યા છે.. દિવ્ય ભાસ્કર લખે છે .. આજથી ટેક્સ, UPI,ક્રેડિટ કાર્ડ, મિનિમમ બેન્ક બેલેન્સ સંબંધિત નિયમો બદલાશે....નવગુજરાત સમય લખે છે આજથી નવું નાણાકીય વર્ષ : UPI પેમેન્ટ સહિતના નિયમો  અમલી..
- ઔરંગઝેબ વિવાદ અંગેના સમાચારોને સ્થાન આપતા ગુજરાત સમાચારનું મુખ્ય શીર્ષક છે.. ઔરંગઝેબની કબર નહીં હટે, રાજકારણ ના કરો: ભૈયાજી....દિવ્ય ભાસ્કર લખે છે .. ઔરંગઝેબનો મુદ્દો બિનજરૂરી જ્યાં મૃત્યુ થયું ત્યાં કબર છે : સંઘ
- નવગુજરાત સમયની મુખ્ય હેડ લાઇન છે, બાંગ્લાદેશનું સમુદ્ર-બંદરો પર અંકુશ જમાવવા ચીનને નોતરું
- સંદેશે.. EPF ઉપાડની ઓટો સેટલમેન્ટ લિમિટ રૂ 5 લાખ ને મુખ્ય શીર્ષક બનાવ્યું છે.
- આજે સંસદ માં રજૂ થનાર વકફ વિધેયક અંગેના સમાચારોને પણ તમામ અખબરોએ સ્થાન આપ્યું છે.
- સ્થાનિક સામાચારોમાં  દિવ્ય ભાસ્કર લખે છે.. કચ્છમાં બોર્ડર ડેવલોપમેન્ટ ફંડના રૂપિયા ઈવેન્ટ માટે વાપરી નાખવામાં આવ્યા.. ગુજરાત સમાચાર લખે છે.. ગુજરાતની અદાલતોમાં 16.62 લાખથી વધુ કેસ ચુકાદાની રાહમાં...